### પાલિકાની વહીવટી ઘોર બેદરકારીનો ઉત્તમ નમૂનો સવાદ ક્વાટર્સ ખાતે જોવાયો

# અક્ષરધામ સોસાયટી પાસે પીવાના પાણીનો વેડફાટ

**સ્થાનિકો પીવાના શુદ્ધ પાણી માટે હેરાન-પરેશાન, પાલિકા તંત્ર દ્વારા ત્વરિત કામગીરી કરી નિરાકરણ લાવવા ઉગ્ર રજૂઆત**

(પ્રતિનિધિ) વડોદરા, તા.28 વડોદરામાં વડોદરા મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી વધુ એક વખત સામે આવી છે. શહેરના સંગમ વિસ્તાર પાસે આવેલા સવાદ ક્વાર્ટર અને તેની નજીકની અક્ષરધામ સોસાયટી પાસે પીવાના ચોખ્ખા પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા મોટા પાયે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં લોકોને પીવાનું ચોખ્ખું અને પૂરતું પાણી મેળવવા માટે વલખાં મારવા પડી રહ્યા છે, તો બીજી તરફ લાઈનમાં પડેલા ભંગાણને કારણે હજારો લીટર શુદ્ધ પાણી રસ્તાઓ પર વહી રહ્યું છે. વગર ચોમાસે રસ્તાઓ પર ચોમાસા જેવો માહોલ સર્જાતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, શહેરમાં અવારનવાર પીવાના પાણીની અછત, સમયસર પાણી ન મળવું અથવા તો દુર્ગંધયુક્ત અને ગંદુ પાણી આવવાની ફરિયાદો ઉઠતી રહે છે. લોકો જ્યારે પીવાના પાણીના એક-એક ટીપાં માટે હેરાન થઈ રહ્યા હોય, ત્યારે તંત્રની આવી બેદરકારીને કારણે ચોખ્ખા પાણીનો આ રીતે વેડફાટ થાય તે અત્યંત ગંભીર બાબત છે. મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આ બાબતે સત્વરે ધ્યાન આપવામાં આવે અને પાણીની લાઈનમાં પડેલા ભંગાણનું ત્વરિત નિરાકરણ લાવી પાણીનો વેડફાટ અટકાવવામાં આવે તેવી સ્થાનિક રહીશોએ ઉગ્ર માંગ કરી છે.



### વારંવાર એક જ જગ્યાએ થતા અકસ્માતોથી નાગરિકોમાં ભારે રોષ

# લાલબાગ બ્રિજ પર વધુ એક ફોર-વ્હીલર ગાડી ડિવાઈડર પર ચઢી ગઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭ શહેરના લાલબાગ બ્રિજ પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. રવિવારે રાત્રે વધુ એક વખત એક બેકાબૂ ફોર-વ્હીલર કાર બ્રિજ પરના ડિવાઈડર પર ચઢી જવાની ઘટના સામે આવી છે. આ ચોંકાવનારી ઘટનાને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સદનશીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ નહીં થતા રાહદારીઓ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ઘટના ને પગલે બ્રીજ પર સર્જાયો ભારે ટ્રાફિક જામ. લાલબાગ બ્રિજ પર અગાઉ પણ અનેક વખત વાહનો ડિવાઈડર સાથે અથડાવાના કે તેના પર ચઢી જવાના બનાવો બની ચૂક્યા છે. નાગરિકો અને સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, બ્રિજ પરના વળાંક, સાઈનબોર્ડની ગેરહાજરી જેવા કારણોસર વાહનચાલકો અસમંજસમાં મુકાઈ જાય છે અને અકસ્માતનો ભોગ બને છે. આ બ્રિજ પર અકસ્માત થવો એ હવે રોજની વાત બની ગઈ છે. તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે કે શું ? વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ખામીઓ દૂર કરવામાં ન આવે તો આનાથી પણ ગંભીર પરિણામો આવી શકે છે.



### સામાન્ય સભામાં ચર્ચા કરવા રજૂઆત

# ડેરીમાં પશુપાલકોના હિતમાં ડિરેક્ટરની ૯ મુદ્દાની માંગણી

**ડિરેક્ટરે દૂધના યોગ્ય** ભાવ, ભેળસેળ સામે કાર્યવાહી અને પશુ આરોગ્ય કેમ્પ સહિતના મુદ્દા ઉઠાવ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.28 વડોદરા ડેરી સાથે સંકળાયેલા પશુપાલકો અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના હિતને લઈને મોટી રજૂઆત કરવામાં આવી છે. ડેરીના ડિરેક્ટર સુરપાલસિંહ ચીમનસિંહ પરમારે પશુપાલકોના પ્રશ્નોને લઈને 9 મુદ્દાની લેખિત રજૂઆત ડેરી વહીવટી તંત્રને કરી છે. આગામી 30 સપ્ટેમ્બરના રોજ યોજાનારી વડોદરા ડેરીની સામાન્ય સભામાં આ તમામ 9 મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરીને પશુપાલકોના હિતમાં યોગ્ય ઠરાવ પસાર કરવાની માંગ તેમણે કરી છે. ડિરેક્ટર દ્વારા કરાયેલી રજૂઆતમાં મુખ્યત્વે દૂધ ઉત્પાદકોને દૂધનો યોગ્ય અને પોષણક્ષમ ભાવ મળે, દૂધમાં થતી ભેળસેળને અટકાવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવે અને દૂધના પરિવહનની વ્યવસ્થામાં સુધારો કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. આ ઉપરાંત પશુપાલકો માટે નિયમિત પશુ આરોગ્ય કેમ્પ યોજવા, કૃત્રિમ ગર્ભાધાન અને તબીબી સેવાઓ વધુ અસરકારક બનાવવી, નવા પશુપાલકોને યોગ્ય માર્ગદર્શન અને તાલીમ આપવી તથા દરેક દૂધ મંડળીઓ સાથે નિયમિત સંવાદ જાળવી હિસાબોમાં પારદર્શિતા લાવવા જેવા મહત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

### બરોડા ડેરી વિવાદ બાદ સાવલીમાંથી જ નવી જૂનીના એંધાણ

# સાવલીના રાજકારણમાં ભડકો, ભાજપના મેન્ડેટ વિના જ APMC ઉપપ્રમુખ બદલાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.28 વડોદરા જિલ્લાના રાજકારણમાં સાવલીથી મોટી ઉથલપાથલના એંધાણ વર્તાઈ રહ્યા છે. તાજેતરમાં સાવલી તાલુકા ભાજપ પ્રમુખ અને બરોડા ડેરીના ડિરેક્ટરે ડેરીના સત્તાધીશો સામે પત્ર લખીને વિવાદ સર્જ્યો હતો. તે વિવાદ હજુ શમ્યો નથી ત્યાં સાવલી APMCમાં ભાજપના જ નિર્ણયને ઉથલાવી દેવાતા ભારે ચર્ચા જાગી છે. ગત તા. 8 જુલાઈના રોજ સાવલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. પ્રદેશ ભાજપ સાથે પરામર્શ કર્યા બાદ પાર્ટી દ્વારા સત્તાવાર મેન્ડેટ આપવામાં આવ્યો હતો, જેમાં પ્રમુખ તરીકે કમલેશ પટેલ અને ઉપપ્રમુખ તરીકે ભગવાનસિંહ જાદવના નામ પર મહોર મારવામાં આવી હતી. આ નિર્ણયને હજુ બે મહિના પણ પૂરા થયા નથી ત્યાં અચાનક ખાસ સાધારણ સભા બોલાવીને ઉપપ્રમુખ બદલી નાખવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ ઉપપ્રમુખનું રાજીનામું લઈને તે જગ્યાએ મોટી ભાડોલના વિપુલ પટેલની નિમણૂક કરી દેવામાં આવી છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ સમગ્ર પ્રક્રિયામાં જિલ્લા ભાજપ સંગઠનને જાણ પણ કરવામાં આવી નથી. જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી.જે. બ્રહ્મભટ્ટને પણ ઉપપ્રમુખ બદલાયા હોવાની જાણ નથી, તેવું સૂત્રો જણાવી રહ્યા છે. ભાજપના નિયમ મુજબ તમામ હોદ્દાની નિમણૂક સંગઠન સાથે ચર્ચા કર્યા બાદ અને પ્રદેશ કક્ષાએથી મેન્ડેટ આપ્યા બાદ જ થતી હોય છે. ત્યારે જિલ્લા અને પ્રદેશ નેતૃત્વને અંધારામાં રાખીને લેવાયેલા આ નિર્ણયથી પાર્ટીમાં આંતરિક બળવાની તૈયારી થઈ રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.




### સવારે અને બપોરે બસ દોડાવવા રજૂઆત

# સીટી બસના અભાવે વિદ્યાર્થીઓ ધક્કા ખાવા માટે મજબૂર બન્યા

**કોયલી, ઊંડેરા** સહિતના ગામોના રહીશોને પણ જાહેર પરિવહનનો લાભ મળશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.28 કોયલી-ઊંડેરા રોડ પર આવેલી વેદ બી.એસ.ડબલ્યુ. અને એમ.એસ. ડબલ્યુ. કોલેજના વિદ્યાર્થીઓની અવરજવરની સમસ્યા યથાવત છે. સીટી બસ સેવા ન હોવાથી રોજ સેંકડો વિદ્યાર્થીઓને ખાનગી વાહનોમાં મોંઘી મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. સમસ્યાના નિવારણ માટે વિદ્યાર્થીઓએ આજે ફરી એકવાર મહાપાલિકામાં રજૂઆત કરી છે. અગાઉ પણ કોલેજ તંત્ર દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરાઈ હતી, પરંતુ કોઈ નિરાકરણ ન આવતા વિદ્યાર્થીઓએ કમિશનર, મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનને આવેદનપત્ર આપ્યું હતું. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ કોલેજમાં વડોદરા શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. કોલેજનો સમય સવારે 10 થી બપોરે 2 વાગ્યા સુધીનો છે. વડોદરા રેલવે સ્ટેશનથી શેરખી સુધી સીધી સીટી બસ ન હોવાથી સમયસર પહોંચવામાં તકલીફ પડે છે અને ખર્ચ પણ વધે છે. તેથી વિદ્યાર્થીઓએ માંગ કરી છે કે કોલેજના સમયને અનુલક્ષીને સવારે 9 વાગ્યે વડોદરા રેલવે સ્ટેશનથી શેરખી જવા માટે અને બપોરે 2:30 વાગ્યે શેરખીથી રેલવે સ્ટેશન પરત આવવા માટે નિયમિત સીટી બસ સેવા શરૂ કરવામાં આવે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે આ બસ સેવા શરૂ થાય તો માત્ર વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ શેરખી, કોયલી, ઊંડેરા સહિતના આસપાસના ગામોના સ્થાનિક રહીશોને પણ જાહેર પરિવહનનો મોટો લાભ મળશે.

# ડૉ. યોગેશ લાખાણીએ જન્મદિવસ સમાજસેવાના કાર્યો સાથે ઉજવ્યો

વડોદરાઃબ્રાઈટ આઉટડોર મીડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગેશ લાખાણીએ 25 સપ્ટેમ્બરે પોતાનો જન્મદિવસ ભવ્ય પાર્ટીથી નહીં, પરંતુ સમાજસેવાના કાર્યો સાથે ઉજવ્યો. અનંત ચતુર્દશી અને ગણેશ વિસર્જનના પાવન અવસરને ધ્યાનમાં રાખીને તેમણે ઔપચારિક ઉજવણી ટાળી વંચિત પરિવારો, વૃદ્ધો અને દિવ્યાંગ બાળકો સાથે સમય વિતાવ્યો, ભોજન પીરસ્યું અને આશીર્વાદ મેળવ્યા. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નિવાસસ્થાને તેમનું સન્માન થયું અને ગણેશ આરતીમાં ભાગ લેવાનો અવસર મળ્યો. જિયો વર્લ્ડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પણ તેમણે આરતીમાં ભાગ લીધો અને રાકેશ મુનિ મહારાજના આશીર્વાદ મેળવ્યા. બોલિવૂડની અનેક હસ્તીઓએ પણ તેમને શુભેચ્છા પાઠવી. 1980માં રેલવે પ્લેટફોર્મના બોર્ડ રંગવા અને ભીંતચિત્રોથી શરૂ થયેલી તેમની સફર આજે 360-ડિગ્રી મીડિયા ઈકોસિસ્ટમ સુધી પહોંચી છે.

# ગુજસીટોકનો આરોપી રીઝવાન બોકડાની જામીન અરજી નામંજૂર

વડોદરાઃ ગોધરાની સિગ્નલ ફળીયા ગેંગ સાથે સંકળાયેલા હોવાના આક્ષેપ હેઠળ ગુજસીટોકના ગુનામાં આરોપી રીઝવાન મોહમદ હનીફ બોકડાએ જામીન મેળવવા કરેલી અરજી વડોદરાની સ્પેશ્યલ જજ (ગુજસીટોક)ની અદાલતે નામંજૂર કરી છે. આરોપી હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં હોવાનું કોર્ટમાં રજૂઆત દરમિયાન જણાવાયું હતું. જેમાં પશ્ચિમ રેલવે તથા વડોદરા અને ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં ધાડ, રેલવે સંપત્તિની ચોરી, રાજ્યસેવક પર હુમલો, જાનથી મારી નાખવાની ધમકી, મહિલાઓના પર્સ ખેંચી કિંમતી સામાનની ચોરી, ગૌમાંસનો ગેરકાયદેસર સંગ્રહ અને દારૂની હેરાફેરી જેવા ગુનાઓનો સમાવેશ થાય છે. આરોપી તરફે એડવોકેટે જામીન માટે રજૂઆત કરી હતી, જ્યારે સરકાર તરફે સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ ધારદાર દલીલો કરી હતી. બંને પક્ષની રજૂઆતો બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

### માતા અવારનવાર ઠપકો આપતી હતી

# ડભાસા ગામે માતાએ ઠપકો આપતા પુત્રે ફાંસો ખાઈ આપઘાત



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ પાદરા તાલુકાના ડભાસા ગામે કામધંધો કરવા બાબતે માતાએ ઠપકો આપ્યા બાદ 34 વર્ષીય પુત્રએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. બનાવ અંગે પાદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ડભાસા ગામે દૂધ ડેરી પાસે રહેતા 34 વર્ષીય આકાશકુમાર રતીલાલ પટેલ લગ્નલાયક ઉંમરના હોવા છતાં તેમના લગ્ન થયા ન હતા તેમજ તેઓ કોઈ નિયમિત કામધંધો કરતા ન હતા. આ બાબતે તેમની માતા મીનાબેન અવારનવાર તેમને યોગ્ય કામધંધો કરવા માટે ઠપકો આપતી હતી. દરમિયાન તા. 27 સપ્ટેમ્બરના રોજ રાત્રિના પોણા આઠ વાગ્યાના અરસામાં આકાશકુમાર જમી પરવારી પોતાના ઘરે હતા. તે સમયે માતાએ ફરીથી કામધંધો કરવા બાબતે ઠપકો આપતા આ વાતનું તેમને લાગી આવ્યું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ તેમણે પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પંખા સાથે પ્લાસ્ટિકની દોરી વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનો તેમને તાત્કાલિક પાદરા સરકારી દવાખાને લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે મીનાબેન પટેલે પાદરા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગુરુઓના આશીર્વાદ અને સાધકોના સહયોગથી 40 વર્ષની યાત્રા પૂર્ણ

# યોગનિકેતન @ 40 : યોગસાધનાની ચાર દાયકાની સફરની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ યોગના ક્ષેત્રમાં સમર્પિત સેવા આપતી યોગનિકેતન સંસ્થા 1986થી 2026 સુધીની 40 વર્ષની ગૌરવશાળી યાત્રા પૂર્ણ કરી રહી છે. ગુરુઓના આશીર્વાદ તેમજ સાધકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને યોગપ્રેમીઓના સહયોગથી આ વિશેષ અવસરની ઉજવણી વર્ષભર વિવિધ જીવનોપયોગી પ્રવૃત્તિઓના આયોજન સાથે કરવામાં આવશે. દર મહિને એક નવા વિષયને કેન્દ્રમાં રાખીને વિવિધ કાર્યક્રમો યોજાશે. આ ઉજવણી અંતર્ગત ઓક્ટોબર 2026 દરમિયાન યોગનિકેતન ખાતે યોગ, પ્રાણાયામ અને સુખાકારી સાથે જોડાયેલા ત્રણ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમોનો હેતુ સાધકોને યોગ તથા પ્રાણાયામના વિવિધ પાસાં અંગે પ્રાયોગિક અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવાનો છે. ઓક્ટોબરની શરૂઆતમાં 'અંતરંગ યોગ' કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમોનું આયોજન યોગનિકેતન, પ્રથમ માળે આવેલા મુખ્ય હોલમાં માત્ર પ્રત્યક્ષ માધ્યમથી કરવામાં આવશે. તમામ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે નોંધણી માત્ર ઓનલાઈન રહેશે. નવા સાધકોએ સૌપ્રથમ વેબસાઈટ પર પ્રોફાઈલ બનાવવાની રહેશે. ત્યારબાદ ડેશબોર્ડમાં જઈ પસંદગીના કાર્યક્રમ માટે નોંધણી કરી શકાશે. અગાઉથી નોંધાયેલા સાધકો પોતાના ડેશબોર્ડમાં લૉગિન કરીને સીધી નોંધણી કરી શકશે. નિર્ધારિત ફી ચૂકવીને કાર્યક્રમમાં જોડાઈ શકાશે.યોગનિકેતન દ્વારા સાધકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને યોગપ્રેમીઓને આ 40 વર્ષની ઉજવણીમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે. સંસ્થા મુજબ ઉજવણીનો હેતુ માત્ર ચાર દાયકાની સફરને યાદ કરવાનો નહીં, પરંતુ સ્વસ્થ, પ્રસન્ન અને જાગૃત જીવન તરફની સામૂહિક યાત્રાને વધુ મજબૂત બનાવવાનો છે.

**કાર્યક્રમોની વિગત**

**1. 'અંતરંગ યોગ'**
આયોજકઃ ડૉ. કિરણ શિંગલોત
તારીખઃ 1, 2 અને 3 ઓક્ટોબર, 2026
સમયઃ સવારે 6:30થી 7:45

**2. 'પ્રાણાયામ શિબિર'**
આયોજકઃ દક્ષા વોરા
તારીખઃ 5, 6 અને 7 ઓક્ટોબર, 2026
સમયઃ સવારે 6:30થી 7:45

**3. 'Art & Science of Well-Being'**
આયોજકઃ ડૉ. કિરણ શિંગલોત
તારીખઃ 4, 11 અને 25 ઓક્ટોબર, 2026

**વિશેષતાઃ** પ્રાયોગિક સત્ર સાથે અભ્યાસ સામગ્રી
માધ્યમઃ માત્ર પ્રત્યક્ષ
સ્થળઃ યોગનિકેતન, પ્રથમ માળ, મુખ્ય હોલ

### માધાપરની ૩૦૦ મહિલાના અદમ્ય સાહસને રંગમંચ પર જીવંત કરાયુ

# અમદાવાદમાં ગુંજી 'વીરાંગના ૧૯૭૧'ની ગૌરવગાથા



વડોદરાઃ અમદાવાદના દિનેશ હોલ ખાતે યોજાયેલા 'રાજેન્દ્ર ભગત રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ ૪.૦'ના સમાપન દિવસે વડોદરાના ત્રિવેણી થિયેટર ગ્રુપે 'વીરાંગના ૧૯૭૧'નું વિશેષ મંચન કર્યું હતું. પ્રસ્તુતિને દર્શકોનો ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ મળ્યો અને હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યો. મકરંદ મુસળે લિખિત અને નિસર્ગ રાવલ દિગ્દર્શિત આ નાટક ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન કચ્છના માધાપર ગામની મહિલાઓના સાહસ પર આધારિત છે. ભુજ એરબેઝના બોમ્બમારા બાદ રન-વે પર પડેલા વિશાળ ખાડાઓને ભરવા સુંદરબેન માધાપરીયાના નેતૃત્વમાં આશરે ૩૦૦ મહિલાઓએ કોદાળી-પાવડાથી દિવસ-રાત મહેનત કરી હતી. પ્રકાશ વ્યવસ્થા ઓમ પંડ્યા, સેટ ડિઝાઈન ઉર્મિશ મહાજન, ચિન્મય વાણાવટ અને ઋત્વિક શિમ્પીએ સંભાળી હતી. સંગીત માનસી દેસાઈ અને મિશાલ ભાટિયાએ તૈયાર કર્યું હતું. આ કૃતિને અગાઉ નવી દિલ્હીના રાષ્ટ્રીય 'થેસ્પિસ' નાટ્ય ઉત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શનનું સ્થાન મળ્યું હતું. '

# ટીએનએ સોલ્યુશન્સનો IPO 30 સપ્ટેમ્બરે ખુલશે

વડોદરાઃ ઈન્દોર સ્થિત હોમ ટેક્સટાઈલ ઉત્પાદક ટીએનએ સોલ્યુશન્સ લિમિટેડ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ IPO લાવી રહી છે. કંપની અપર પ્રાઈસ બેન્ડ મુજબ 37.86 કરોડ સુધીનું ભંડોળ એકત્ર કરશે અને તેના શેર BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. IPO માટે પ્રાઈસ બેન્ડ 66થી 70 પ્રતિ શેર નક્કી કરાયો છે. કુલ 54.08 લાખ ઈક્વિટી શેરનો નવો ઈશ્યુ હશે. લોટ સાઈઝ 2,000 શેર છે, જ્યારે લઘુત્તમ અરજી 4,000 શેરની રહેશે. એન્કર બિડિંગ 29 સપ્ટેમ્બરે થશે અને IPO 6 ઓક્ટોબરે બંધ થશે. કંપનીમાં અનુભવી વેલ્યૂ ઈન્વેસ્ટર અનિલ કુમાર ગોયલનો પ્રી-IPO હિસ્સો 14.17% છે. ત્રણ દાયકાથી વધુના રોકાણ અનુભવ ધરાવતા ગોયલ ટેક્સટાઈલ ક્ષેત્રના લાંબા ગાળાના રોકાણો માટે જાણીતા છે. IPOમાંથી મળેલી રકમનો ઉપયોગ નવા મેન્યુફેક્ચરિંગ યુનિટના સિવિલ કન્સ્ટ્રક્શન, પ્લાન્ટ-મશીનરી, કાર્યકારી મૂડી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે થશે.

### શહેરના દંતેશ્વરમાં દારૂડિયાઓનું આતંક

# ગાળો બોલવાની ના પાડતાં પરિવારે લોખંડની પાઈપ-બ્લોકથી હુમલો કર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ શહેરના મકરપુરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા દંતેશ્વર વિસ્તારના ડેરાવાળા ફળિયામાં ગત રાત્રે દારૂના નશામાં ખુલ્લેઆમ ગાળાગાળી કરવાના મુદ્દે મામલો એટલો બધો ઉગ્ર બન્યો હતો કે બે પક્ષો વચ્ચે છૂટા હાથની મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. આ વિવાદમાં લોખંડની પાઈપ, પથ્થર અને બેટ વડે થયેલા હુમલામાં બે મહિલાઓ સહિત પરિવારના સભ્યો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક રહેવાસીઓ અને ઈજાગ્રસ્તોના જણાવ્યા અનુસાર, દંતેશ્વર ગામના ડેરાવાળા ફળિયામાં રહેતા લલિત ઉર્ફે કાલુ શ્રીવાસ્તવ અને તેનો ભાઈ સાગર શ્રીવાસ્તવ અવારનવાર દારૂના નશામાં વિસ્તારમાં બેફામ ગાળો બોલી અશાંતિ અને ન્યુસન્સ ફેલાવતા હતા. ઘટનાની રાત્રે આ શખ્સો ફરીથી કોઈ જ કારણ વગર ખુલ્લેઆમ ગાળાગાળી કરી રહ્યા હતા, ત્યારે સ્થાનિક પરિવારે તેમને આ પ્રમાણે રોજ ગાળો ન બોલવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનો દ્વારા શાંતિથી રોકવામાં આવતા બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ઉગ્ર બોલાચાલી બાદ મારમારી પર ઉતરી આવ્યા હતા. આક્ષેપ છે કે લલિત શ્રીવાસ્તવ અને સાગર શ્રીવાસ્તવ તેમજ અન્ય એક મહિલાએ ભેગા મળીને પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હતો. આરોપીઓ પૈકી એકના હાથમાં લોખંડની પાઈપ હતી તો બીજાએ રસ્તામાં નાખવાના સિમેન્ટના બ્લોક તથા બેટથી પરિવારજનો પર આડેધડ પ્રહારો કર્યા હતા. આ આંતરિક મારામારીમાં ઘરના સભ્ય રાહુલ પઢિયાર તેમજ બે મહિલાઓ ઘાયલ થયા હતા. માથા તેમજ શરીરે ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલ લાવવા પડ્યા હતા. સ્થાનિક લોકોનો એ પણ ગંભીર આક્ષેપ છે કે આ બંને આરોપીઓ અગાઉ પણ અનેકવાર મારામારી કરી ચૂક્યા છે અને તેમની સામે મકરપુરા પોલીસ સ્ટેશન સહિત અન્ય પોલીસ મથકોમાં પણ અગાઉ ગુનાઓ નોંધાયેલા છે.



# એસજેપી અલ્ટ્રાસોનિક્સનો IPO 30 સપ્ટેમ્બરે ખુલશે

વડોદરાઃ પ્લાસ્ટિક જોઈનિંગ અને ઓટોમેશન ક્ષેત્રે કાર્યરત એસજેપી અલ્ટ્રાસોનિક્સ લિમિટેડનો IPO બુધવાર, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને સોમવાર, 5 ઓક્ટોબરે બંધ થશે. કંપની ફિક્સ્ડ પ્રાઈસ મેથડ હેઠળ 67 પ્રતિ શેરના ભાવે 35 લાખ નવા ઈક્વિટી શેર મારફતે કુલ 23.45 કરોડ એકત્ર કરશે. શેરનું લિસ્ટિંગ BSE SME પ્લેટફોર્મ પર કરવાની દરખાસ્ત છે. IPOમાં પ્રત્યેક શેરની ફેસ વેલ્યૂ 10 છે અને 57નું શેર પ્રીમિયમ સામેલ છે. લોટ સાઈઝ 2,000 શેરની છે, જ્યારે ન્યૂનતમ અરજી 2 લોટ એટલે કે 4,000 શેરની રહેશે. કુલ ઈશ્યુમાંથી 1.76 લાખ શેર માર્કેટ મેકર માટે અનામત રહેશે. બાકીના 33.24 લાખ શેરના નેટ ઈશ્યુમાં નોન-ઈન્સ્ટિટ્યુશનલ અને વ્યક્તિગત રોકાણકારો માટે 16.62-16.62 લાખ શેર ફાળવવામાં આવ્યા છે. કંપની મુજબ IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ મશીનરી ખરીદી માટેના મૂડી ખર્ચ, કાર્યકારી મૂડીની જરૂરિયાતોમાં કરાશે.

### પોક્સો કોર્ટ દ્વારા આરોપીને રૂ.50 હજારનો દંડ ફટકારાયો

# સગીરાના અપહરણ બાદ દુષ્કર્મના આરોપીને 20 વર્ષની સખત કેદ

**ભોગ બનનાર** પીડિતાને રૂ.45 હજાર વળતર પેટે ચૂકવવાનો પણ હુકમ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ વડોદરાની સ્પેશિયલ POCSO કોર્ટ અને બીજા અધિક સેશન્સ જજની અદાલતે સગીરાના અપહરણ અને દુષ્કર્મના કેસમાં આરોપી કાનેશ્વરસિંહ ઉર્ફે કરણ જયપ્રકાશ દરબાર (ઉં.21, રહે. કિશનવાડી ઝંડા ચોક, મહાકાળી સોસાયટીની બાજુમાં, આજવા રોડ, વડોદરા)ને સરકારી વકીલ અનિલ દેસાઈની ધારદાર દલીલોને કારણે દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટના ચુકાદાથી સગીરા સાથેના ગુનામાં આરોપીને કડક સજા થઈ છે. કોર્ટના ચુકાદા મુજબ BNSની કલમ 64(1) તથા POCSO એક્ટની કલમ 5(L) અને 6 હેઠળ આરોપીને 20 વર્ષની સખત કેદ તથા રૂ.50 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડની રકમમાંથી રૂ.45 હજાર પીડિતાને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. દંડની રકમ ભરવામાં કસૂરવાર ઠરે તો આરોપીએ વધુ બે વર્ષની સખત કેદ ભોગવવી પડશે. ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે ઘટના સમયે પીડિતાની ઉંમર 17 વર્ષ અને 4 મહિના હતી, એટલે કે તે 18 વર્ષથી ઓછી વયની સગીરા હતી. આરોપીએ તેની સાથે એક કરતા વધુ વખત ઘૂસણખોરીયુક્ત જાતીય કૃત્ય કર્યું હોવાનું પુરવાર થતાં POCSO એક્ટની કલમ 5(L) હેઠળનો ગુનો સાબિત થયો હતો. જોકે, ઘટના સમયે પીડિતા સગીરા હોવાથી કાયદાની જોગવાઈ મુજબ તેની સંમતિને ગુનામાંથી આરોપીને મુક્તિ આપતી સંમતિ તરીકે માન્ય ગણી શકાય નહીં. તેથી આરોપીને સંબંધિત કલમો હેઠળ સજા કરવી જરૂરી હોવાનું કોર્ટે સ્પષ્ટ કર્યું હતું. ચુકાદામાં POCSO એક્ટની કલમ 42ની જોગવાઈનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જ્યારે એક જ કૃત્ય બે કાયદા હેઠળ ગુનો બનતું હોય ત્યારે કાયદાની જોગવાઈ અનુસાર સજા કરવાની રહે છે. આ કેસમાં આરોપી સામે BNSની કલમ 64(1) તથા POCSO એક્ટની કલમ 5(L) અને 6 હેઠળ ગુનો સાબિત થયો હતો. આ ઉપરાંત BNSની કલમ 137(2) હેઠળ આરોપીને 5 વર્ષની સખત કેદ અને રૂ.5 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડ ન ભરવાના કિસ્સામાં વધુ છ મહિનાની સખત કેદ ભોગવવાની રહેશે. જ્યારે BNSની કલમ 87 હેઠળ 7 વર્ષની સખત કેદ અને રૂ.3 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડ ન ભરાય તો વધુ એક વર્ષની સખત કેદ ભોગવવી પડશે.